તા. ૨૨.૦૫.૨૦૨૪, પાના નં. ૦૪

ગુજરાત સમાચાર (ગાંધીનગર આવૃત્તિ)

## પાટનગરના દરવાજે મેટ્રોની દસ્તક

# જુનના મધ્યાંતર બાદ બે રૂટ ઉપર પેસેન્જર ટ્રેન દોડતી કરવાની તૈયારી

ગાંધીનગર, મંગળવાર

પાટનગરના રહેવાસીઓએ અમદાવાદમાં તો મેટ્રો ટ્રેનની સવારી કરી લીધી છે. હવે પાટનગરના દરવાજે મેટ્રોના દસ્તક પડી ચૂક્યાં છે. જુન મહિનાના મધ્યાંતર બાદ અહીં મેટ્રોની વ્હિસલ સંભળાવા લાગશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરાથી ચ ૨ સ્ટેશન અને ગિફ્ટ સિટીથી લો યુનિવસીટી બન્ને રૂટમાં ફુલ ટ્રાયલ રન સહિત કામગીરી પુરી કરાઈ છે. ત્યારે સ્ટેશન સંબંધે અધૂરા કામોને પુરા કરવા પુરજોશમાં કામગીરી આરંભાઈ છે.

મેટ્રો સાથે સંકળાયેલા સુત્રોના જણાવવા પ્રમાણે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરાથી ચ ૨ સ્ટેશન, સેક્ટર ૧ અને ગિફ્ટ સિટીથી ગુજરાત નેશનલ લો યુનિવસીટી બન્ને રૂટમાં ટ્રેનના ટ્રેકની કામગીરીમાં હવે કંઇ કરવાનું બાકી રહ્યું નથી. જેના પગલે મેટ્રોના સ્ટેશનોને આખરી ઓપ આપવાની કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી છે. સ્ટેશન સંબંધેની કેટલીક કામગીરી અધુરી હોવાથી તેને પુરી કરવા પર ધ્યાન કેન્દ્રીત કરાયું છે. જે જુન મહિનાના બીજા સપ્તાહ સુધીમાં પુરી કરવાનો લક્ષ્યાંક પણ તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. તેના પહેલા લોકસભા ચૂંટણી સંબંધેની આચાર સહિંતા પણ પુરી થઈ જવાની છે. ત્યારે નોંધવું રહેશે, કે અમદાવાદથી ગાંધીનગરના ૨૮ કિલોમીટર લંબાઇના રૂટમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરાથી મહાત્મા મંદિર ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેનના ૨૨ સ્ટેશન નિયત કરવામાં આવ્યા છે. તેમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરાથી ચ ૨ સ્ટેશન અને ગિફ્ટ સિટીથી લો યુનિવસીટી સિવાયના ગાંધીનગર શહેરના વિસ્તારમાં મેટ્રો માટેના બ્રિજના બાંધકામ હજુ ચાલી રહ્યાં છે.

### અધિરા ગાંધીનગરા પૂછે છે, કે લોકાર્પણ કોના હસ્તે કરવામાં આવશે

અમદાવાદ જઇને બસ કે રીક્ષા બાંધવાના બદલે મેટ્રો ટ્રેનમાં ફરવા લાગેલા ગાંધીનગરના રહેવાસીઓને પણ મેટ્રો ટ્રેનની રાહ છે. સાથે તંત્ર દ્વારા જુન મહિનાના અંત પહેલા પેસેન્જર ટ્રેન દોડતી કરવાની ઉતાવળ પણ છે. તે મુદ્દાને ધ્યાનમાં રાખીને જ દિવસ રાતના ધોરણે કામગીરી પુરી કરવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે. ત્યારે અમદાવાદ ગાંધીનગર મેટ્રોનું ઉદ્ઘાટન કે લોકાર્પણ કરવા વડાપ્રધાન આવશે કે નહીં તેની ચર્ચા પણ સાંભળવા મળી રહી છે.

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરાથી ચ ૨ સ્ટેશન અને ગિફ્ટ સિટીથી લો યુનિવર્સીટી બન્ને રૂટમાં ફુલ ટ્રાયલ રન સહિત કામગીરી પુરી કરાઇ